હૃદય જો ભોગવી જાણે તો
દુઃખ પણ એક દોલત છે
- અરવિંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૭૮ | ૨૧ ડિસેમ્બર, ૨૦૧૪, રવિવાર ; માગશર વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## શહેરમાં વાતાવરણ પલટાયું

### ઠંડીમાં સહેજ ઘટાડો : દિવસે ગરમ વસ્ત્રો પહેરવા પડ્યા : ઠંડી પુનઃ વધવાની શક્યતા

ગાંધીનગર, તા. ૨૦

વારંવાર વાતાવરણમાં પલ્ટો આવવાનો સીલસીલો જારી રહ્યો છે. આજે આખો દિવસ વાદળછાયુ વાતાવરણ રહ્યુ હતું. જેના કારણે દિવસે ગરમ વસ્ત્રો પહેરવાની જરૂરીયાત રહે છે. ઠંડીનો પારો યથાવત રહ્યો છે.

શનિવારે સવારથી જ આકાશમાં વાદળોનો ઘેરાવો રહ્યો હતો. વાદળછાયુ વાતાવરણ રહેતા વહેલી સવારે ઠંડકનો અનુભવ વધુ રહ્યો હતો. વાદળોના કારણે લગભગ આખો દિવસ તડકો નીકળ્યો ન હતો. તડકો ન નીકળતા વસાહતીઓને આખો દિવસ ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવાની જરૂરીયાત ઉભી થઈ હતી. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોની હાલત કફોડી બની હતી. દિવસ દરમ્યાન પવન ચાલુ રહેતા ઠંડીની અસર વધુ જણાઈ હતી. શનિવારે લઘુત્તમ તાપમાન થોડુક વધ્યુ હતુ. અને પારો ૧૫ ડિગ્રીએ સ્થિર થયો હતો. જો કે દિવસ દરમ્યાન ઠંડક વધતા મહત્તમ તાપમાન ૨૩.૬ ડિગ્રી રહ્યુ હતુ. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ગુજરાત સહિત રાજસ્થાન અને ઉત્તરભારતના કેટલાક વિસ્તારોમાં વાદળોનો જમાવડો થયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર વેસ્ટર્ન ડિસ્ટબન્સની અસર આગામી એકાદ-બે દિવસમાં ઓછી થશે. ત્યારબાદ વાદળો વિખેરાશે. વાદળોનો જમાવડો ઓછો થતાં ઠંડી પુનઃ વધી શકે છે.

આખો દિવસ અને રાત વાતાવરણમાં ઠંડક રહેતા અને પવન ફુંકાતા રહેતા વસાહતીઓને ઘરના બારી-બારણા બંધ રાખવાની ફરજ પડે છે. છેલ્લા કેટલાક દિવસોથી ઠંડકભર્યુ વાતાવરણ રહેતા ગરમવસ્ત્રોના બજારમાં તેજી આવી છે. ઘ-૫ અને સેક્ટર-૬ના અપનાબજાર વિસ્તારમાં લાગેલા તીબેટીયન માર્કેટમાં સારી એવી ભીડ જામેલી રહે છે.


(તસવીર : દિપક જાની)

## આજે બિનસચિવાલય કારકુન સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા

ગાંધીનગર, તા. ૨૦

આજે બિન સચિવાલયના કારકુનોની ભરતી માટે જિલ્લાના ૮૪ કેન્દ્રો પર સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે. આ પરીક્ષામાં ૩૦ હજાર જેટલા પરીક્ષાર્થીઓ બેસનાર છે.

ગુજરાત ગૌણ સેવા આયોગ દ્વારા યોજાઈ રહેલી આ સ્પર્ધાત્મક પરીક્ષા અંગેની સંપૂર્ણ તૈયારી તંત્રએ કરી લીધી છે. આ માટે ૧૫ થી વધુ રૂટ બનાવવામાં આવ્યા છે. તેમજ પરીક્ષાર્થીઓને સમયસર પરીક્ષાખંડમાં પ્રવેશ મેળવી લેવા માટે જણાવાવમાં આવ્યું છે.

પરીક્ષાર્થી કોઈપણ પ્રકારનો મોબાઈલ કે અન્ય ઉપકરણો પોતાની સાથે પરીક્ષા ખંડમાં રાખી શકશે નહી.

૨૦૦ થી વધુ કારકુન સંવર્ગની ભરતી માટે આ સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઈ રહી છે. પરીક્ષાર્થીને પ્રશ્નના ઉત્તરો પણ ત્રણ કલાકનો સમય આપવામાં આવશે.

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ગ-૧ અને વર્ગ-૨ ની ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા બાદ ટુંકાગાળામાં જ આ બીજી સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઈ રહી છે.

જિલ્લામાં પરીક્ષા માટેની તૈયારી તંત્રએ પુરી કરી લીધી છે. આ માટે જરૂરી નિમણુંકો અને તાલીમ પણ નિરીક્ષકોને આપવામાં આવી છે.

### જાહેર નિવિદા

ગાંધીનગરના જ રોડ પર આવેલ સાંસ્કૃતિકુંજ કેમ્પસમાં સમારકામ કરી સાફ-સફાઈ કરવા તેમજ રેતી કામ, પુરણ, લીંપણ, ઝુંપડીઓ બનાવવાની તથા ચણતરની વિવિધ કામગીરી કરવા માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેના ટેન્ડર ફોર્મ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૧, ત્રીજો માળ, ગાંધીનગર ખાતેથી તા. ૨૨/૧૨/૨૦૧૪ થી તા. ૩૦/૧૨/૨૦૧૪ સુધીમાં સવારના ૧૧ થી સાંજના ૬ કલાક સુધીમાં રૂ. ૨૦૦ ટેન્ડર ફી ભરી રૂબરૂમાં મેળવી તા. ૩૧/૧૨/૨૦૧૪ના રોજ સાંજના ૪.૦૦ કલાક સુધીમાં કવર ઉપર 'કેમ્પસ તૈયાર કરવા બાબતનું ભાવપત્રક' લખી સીલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે.

સ્થળ : ગાંધીનગર
તા. ૧૯/૧૨/૨૦૧૪

સહી/-
સભ્ય સચિવ
સંસ્કૃતિકુંજ પ્રતિષ્ઠાન અને
કમિશનર
યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
ગાંધીનગર

માહિતી/૨૦૨૫/૨૦૧૪-૧૫

## ...ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે : ભારતીય કિસાનસંઘ

### પ્રદેશ કોર કમિટીની બેઠકમાં સર્વ સંમતિથી નિર્ણય લેવાયો

ગાંધીનગર, તા. ૨૦

કપાસ સહીતના વિવિધ પાકોના પોષણક્ષમ ભાવ નહીં મળતા હોવાના પ્રબળ વિરોધ સાથે કિસાનોએ આંદોલનની રાહ અપનાવી છે. આ દરમિયાન ઉત્તર ગુજરાત કિસાન સંઘે સરકારના ખોળે બેસવાની નીતિ અપનાવતા આ આંદોલન ખોરવાઈ ગયું હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું હતું. પરંતુ હવે કિસાનોનું આ આંદોલન સર્વ સંમતિથી યથાવત રખવાનો નિર્ણય કરાયો હોવાનું પણ ભારતીય કિસાન સંઘ દ્વારા જણાવાયું છે. કિસાન સંઘની કોર કમિટીની બેઠકમાં સરકાર સાથે પૂર્ણ સમાધાન ન થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે તેમ પણ જણાવાયું છે.

કપાસ સહિત વિવિધ પાકોના પોષણક્ષમ ભાવો નહીં મળતા કિસાનો દ્વારા સરકાર સામે આંદોલનની રાહે લડત શરુ કરી છે. આ દરમિયાન સૌરાષ્ટ્રમાં કૃષિપાકના પોષણક્ષમ ભાવના મુદ્દે ખેડુત પુત્રએ આત્મવિલોપન કરી લીધાની ઘટના બાદ કિસાનોમાં ઉગ્ર આક્રોશ ભભૂકયો છે. જેના પરિણામે જામકંડોરણામાં કૃષિમેળા દરમિયાન પણ અફડા-તફડીનો માહોલ જોવા મળ્યો હતો. કિસાનોએ કપાસની બોલી કરી કૃષિ મેળો બંધ કરાવી અધિકારીઓ તેમજ ભાજપના આગેવાનોને પણ સ્થળ પરથી તગેડી મૂકયા હતા. બીજી તરફ પાકોના પોષણક્ષમ ભાવના મામલે છેડાયેલા આ આંદોલનમાં ઉત્તર ગુજરાતનું કિસાન સંઘનું જૂથ સરકારના ખોળે બેસતા સંઘ બે ભાગમાં વહેંચાઈ ગયો હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું હતું. આ દરમિયાન ભારતીય કિસાનસંઘની કોર કમિટીની તાકીદની બેઠકમાં સરકાર સામે ચાલી રહેલા આ આંદોલનને સર્વ સંમતિથી યથાવત રાખવાનો નિર્ણય લેવાયો હોવાનું જણાવાયું છે. કિસાન સંઘના પ્રદેશ અધ્યક્ષ મગનભાઈ પટેલે આ અંગે જણાવ્યા મુજબ બેઠક દરમિયાન આ મામલે વિસ્તૃત પરામર્શ કરી કિસાનસંઘની આ લડત સરકાર સાથે પૂર્ણ સમાધાન ના થાય ત્યાં સુધી યથાવત રાખવા તેમજ નિયત કાર્યક્રમો યથાવત રૂપે ચાલુ રાખવા સર્વ સંમતિથી નિર્ણય લેવાયો છે.







